# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

C/o. શાહ ગોવિંદજી વીરમ, ફેક્ટરી કમ્પાઉન્ડ, મોંઢા રોડ, ઔરંગાબાદ - ૪૩૧ ૦૦૧


**સમ્યગ્જ્ઞાન પ્રવેશિકા**

December - 19

## ◆◆◆ અભ્યાસક્રમ જવાબ પત્ર ◆◆◆

૬૮

એનરોલમેન્ટ નંબર

દિસમ્બર - ૨૦19

ગામ

વિદ્યાર્થીનું નામ

### પ્રશ્ન-૧ ખાલી જગ્યા

| | |
|---|---|
| (૧) | લજ્જા |
| (૨) | ધર્મ |
| (૩) | યમરાજ |
| (૪) | યશોધરાચરિત્ર |
| (૫) | ધ્યાન |
| (૬) | બારહ ભાવના |
| (૭) | નીચ ગોત્ર |
| (૮) | માર્દવ / નમ્રતા |
| (૯) | સંવર |
| (૧૦) | અકાર્યો |
| (૧૧) | અવિરતી |
| (૧૨) | સુલક્ષણ |
| (૧૩) | ગુરુ સાક્ષીએ |
| (૧૪) | બોધિબીજ |
| (૧૫) | ચંડાલજાતિના |
| (૧૬) | કલ્પાતીત |
| (૧૭) | મનોરથ રૂપ |
| (૧૮) | હંસ ની ચાંચ |
| (૧૯) | છેદોપસ્થાપનિક |
| (૨૦) | જ્યોતિષી |

### પ્રશ્ન-૨ એક જ શબ્દમાં

| | |
|---|---|
| (૧) | હરણગમેષિન |
| (૨) | વન માં ફરવાવાળા |
| (૩) | કલુષિત |
| (૪) | કલ્પોપન્ન |
| (૫) | દયા |
| (૬) | મનુષ્ય બનો |
| (૭) | કરેમિ ભંતે |
| (૮) | વસંતોત્સવાદિ |
| (૯) | અનુબંધ દયા |
| (૧૦) | લોકાંતિક |
| (૧૧) | ૮ મું |
| (૧૨) | વચન |
| (૧૩) | સૌધર્માવતંસક |
| (૧૪) | સૂક્ષ્મ સંપરાય |
| (૧૫) | પરમાધામી દેવ |
| (૧૬) | દોણો |
| (૧૭) | બે પ્રકારે |
| (૧૮) | કપટ સાથે જૂઠું બોલી ઠગવું |
| (૧૯) | તથા |
| (૨૦) | બોધિ |

### પ્રશ્ન-૩ શબ્દનો અર્થ

| | |
|---|---|
| (૧) | પારકી નિંદા કરવી |
| (૨) | સૂક્ષ્મ |
| (૩) | જ્યોતિષ્ક |
| (૪) | અશુચિ |
| (૫) | સ્વભાવ |
| (૬) | પ્રકાર |
| (૭) | પ્રસિદ્ધ |
| (૮) | મુક્તો |
| (૯) | સાધક |
| (૧૦) | છેદોપસ્થાપનિક |
| (૧૧) | અંગિકાર |
| (૧૨) | સામાયિક |
| (૧૩) | માંગ્યુ છે |
| (૧૪) | હું પાછો ફરું છું |
| (૧૫) | વૈમાનિક |

### પ્રશ્ન-૪ જોડકાં જોડો

| | | | |
|---|---|---|---|
| (૧) | ૪ | (૬) | ૮ |
| (૨) | ૭ | (૭) | ૧ |
| (૩) | ૧૦ | (૮) | ૯ |
| (૪) | ૬ | (૯) | ૨ |
| (૫) | ૩ | (૧૦) | ૫ |

### પ્રશ્ન-૫ સંખ્યામાં જવાબ

| | |
|---|---|
| (૧) | ૧૪ |
| (૨) | ૧૦ |
| (૩) | ૧૬૨ |
| (૪) | ૮૦ |
| (૫) | ૧૫ |
| (૬) | ૮૦૦ |
| (૭) | ૯ |
| (૮) | ૧૪ લાખ |
| (૯) | ૮ |
| (૧૦) | ૨ |

### પ્રશ્ન-૬ ✓ કે X / પ્રશ્ન-૭ આ વાક્ય ક્યા પાને છે તે નંબર

| | પ્રશ્ન-૬ ✓ કે X | | પ્રશ્ન-૭ આ વાક્ય ક્યા પાને છે તે નંબર |
|---|---|---|---|
| (૧) | ✓ | (૧) | ૧૨ |
| (૨) | X | (૨) | ૨૭ |
| (૩) | X | (૩) | ૧ |
| (૪) | ✓ | (૪) | ૮ |
| (૫) | X | (૫) | ૨૪ |
| (૬) | X | (૬) | ૨૦ |
| (૭) | ✓ | (૭) | ૧૧ |
| (૮) | ✓ | (૮) | ૬ |
| (૯) | X | (૯) | ૧૬ |
| (૧૦) | ✓ | (૧૦) | ૨૬ |

પ્રિંટિગ ભૂલ ના લીધે અથવા અમારા થી રહેલ ભૂલના લીધે વિદ્યાર્થીઓ ને જે તકલીફ પડે છે. એના માટે ક્ષમાપ્રાર્થી છીયે. એવા સંજોગો માં વિદ્યાર્થી ને એનો પૂરો માર્ક આપવા માં આવે છે.

ભૂલ — પ્રશ્ન નં. - ૫ નો ૯ નં — "દયા" ના બદલે "ધ્યાન" થઈ ગયુ છે.

રીમાર્ક ______________________ તપાસનારની સહી ______________

પ્રશ્ન - ૮

૧. સ્વપ્નનું ફળ:- (1) બીજા સ્વપ્નમાં વૃષભ જોયો છે, તેથી ધર્મધોરી પુરુષ થાશે. તે જેમ ખેડુતો ક્ષેત્રમાં બળદથી ધાન્યનું બીજ વાવે છે તેમ આ ભરત ક્ષેત્રમાં બોધિબીજને વાવશે. (2) ચોથે સ્વપ્ને લક્ષ્મીદેવીને જોયેલ છે, તેથી વરસીદાન આપી દીક્ષા લઈ કેવળજ્ઞાન રૂપ લક્ષ્મીને પામીને તીર્થંકર બની આઠ પ્રાતિહાર્યાદિ ગણલક્ષ્મીને ભોગવશે. (3) બારમાં સ્વપ્નમાં દેવવિમાન જોયું છે તેથી, ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને દેવલોક સુધીના વૈમાનિક દેવોને પુજવા યોગ્ય તથા સેવા કરવા યોગ્ય થાશે, તથા નવગ્રૈવેયક અને પાંચ અનુત્તરવાસી દેવોને આરાધવા યોગ્ય થાશે. આ પ્રમાણેનાં ફલને આપનારા મહાસ્વપ્નોને ત્રિશલા મહારાણીએ જોયા છે.

૨. મધ્યસ્થ સૌમ્યદ્રષ્ટિ:- ધર્મ કરવા માટે હૈયામાં દયા તો જોઈએ જ પણ એની સાથે-સાથે એક અનોખી વાત કહી છે કે દ્રષ્ટિમાં મધ્યસ્થતા અને સૌમ્યતા જોઈએ. મધ્યસ્થ અને સૌમ્ય-દ્રષ્ટિવાળો સાધક ખરા ધર્મ વિચારને સાંભળી શકે છે અને ગુણોના સાથે જોડાઈને દોષોને દૂર તજી શકે છે. તેથી શ્રાવક બનવા માટે પ્રત્યેક વ્યક્તિએ મધ્યસ્થ અને સૌમ્ય-દ્રષ્ટિને મેળવવી જોઈએ, કેળવવી જોઈએ. મધ્યસ્થ એટલે કોઈ પણ દર્શનમાં પક્ષપાત રહિત-અને પ્રદ્વેષ નહિં હોવાથી સૌમ્ય એવી દ્રષ્ટિ એટલે દેખવાની નજર જેની હોય તે મધ્યસ્થ સૌમ્યદ્રષ્ટિ કહેવાય.

૩. કલ્પોપપન્ન અને કલ્પાતીત દેવો:- વિવિધ પ્રકારના માપવાળા વિમાનમાં ઉત્પન્ન થતાં દેવો વૈમાનિક કહેવાય છે. આ વૈમાનિક દેવો બે પ્રકારનાં છે. -(૧) કલ્પોપપન્ન. અને (૨) કલ્પાતીત. જેમ મનુષ્યલોકમાં પણ રાજ દેવ, નોકર દેવ, વગેરે વ્યવસ્થા હોય છે.. તે વ્યવસ્થાવાળા દેવ તે કલ્પોપપન્ન દેવ અને એવી વ્યવસ્થા વિનાના દેવ તે કલ્પાતીત દેવ કહેવાય છે. પરમાત્મા તીર્થંકરોના કલ્યાણકોમાં મહોત્સવાદિ કરવાનો આચાર કલ્પોપપન્ન દેવોનો છે. નવગ્રૈવેયક અને પાંચ અનુત્તર એ કલ્પાતીત છે બાકીનાં બધા દેવો કલ્પોપપન્ન છે.

૪. અશરણ ભાવના:- બાર ભાવનાઓનું ચિંતન આત્માને કર્મોના આશ્રવથી બચાવે છે. તેથી, તેનો સમાવેશ સંવર તત્ત્વમાં થાય છે. જન્મ, જરા અને મૃત્યુમય આ સંસારમાં સંકટ સમયે કે મૃત્યુ-સમયે કોઈ શરણ આપી શકતું નથી. યમરાજના પંજામાંથી ન બેટોના બંધુ છોડાવી શકે છે, બધા ત્યાં લાચાર છે. એક માત્ર ધર્મ જ શરણ આપવા સમર્થ છે.. એનું ચિંતન જીવને સમાધિ મરણ અપાવવા સમર્થ બને છે. તે અશરણ ભાવના છે.

૫. યથાખ્યાત ચારિત્ર:- યથાખ્યાત એટલે સર્વ જીવલોકમાં ખ્યાત એટલે પ્રસિદ્ધ ચારિત્ર છે. જેને આચરીને સુવિહિતો મોક્ષ તરફ જાય છે. યથા એટલે જિનાગમમાં અરિહંત પ્રભુએ જેવું.. ખ્યાત એટલે કહેલું છે તેવું.. આવું સંપૂર્ણ ચારિત્ર તે યથાખ્યાત ચારિત્ર છે. કષાયનો સંપૂર્ણ ક્ષય-અથવા ઉપશમ થવાથી આ અતિ વિશુદ્ધ-પવિત્ર ચારિત્ર પ્રાપ્તિ સાધુઓને થાય છે. આ ચારિત્ર ૧૧, ૧૨, ૧૩ અને ૧૪ માં ગુણસ્થાનકે રહેલા વીતરાગને જ હોય છે. યથાખ્યાત ચારિત્ર જીવને નિશ્ચિત મોક્ષનગરીમાં પહોંચાડીને અજરામર સ્થાન આપે છે.